નોવેલ કોરોના વાયરસ સંદર્ભે
વિભાગ હસ્તકની તમામ શૈક્ષણિક
સંસ્થાઓ બંધ રાખવા અંગે

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
પરિપત્ર ક્રમાંક : અજાક/૧૦૨૦૨૦/૩૮૨/ગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૬/03/૨૦૨૦

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનું તા. ૧૫/03/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંક : પરચ-૧૧૨૦૨૦-૧૫૧-.વ.૨

## પરિપત્ર

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક : (૧) પરના તા. ૧૫/03/૨૦૨૦ ના જાહેરનામાથી દ્વારા નોવેલ કોરોના વાયરસ (COVID-19) નો રાજયમાં ફેલાવો ન થાય તે માટે રાજ્યની તમામ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ ગુજરાત રાજ્યમાં કાર્યરત કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર તથા સ્વાયત સંસ્થાઓ હસ્તકની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં તા. ૧૬-03-૨૦૨૦ થી તા. ૨૯-03-૨૦૨૦ સુધી શૈક્ષણિક કાર્ય બંધ રાખવાની સૂચના બહાર પાડવામાં આવેલ છે. જે ધ્યાને લઇ વિભાગ હસ્તકની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં તા. ૧૬-03-૨૦૨૦ થી તા. ૨૯-03-૨૦૨૦ સુધી શૈક્ષણિક કાર્ય બંધ રાખવાની સૂચના બહાર પાડવામાં આવે છે.

(૧) આ પરિપત્ર અંતર્ગત હાલ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ અને સી.બી.એસ.ઇ દ્વારા ચાલી રહેલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષાને લાગુ પડશે નહીં.

(૨) કોઇ પણ શાળામાં વાર્ષિક પરીક્ષાઓ ચાલુ થઇ ગઈ હોય તો આગામી સપ્તાહમાં પૂર્ણ કરવાની રહેશે.

(3) જેમાં પરીક્ષાઓ ચાલુ ન હોય તેવી બાકી તમામ શાળાઓમાં તા. 30-03-૨૦૨૦થી પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે. સરકારી, પ્રાથમિક, માધ્યમિક, તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.30-03-૨૦૨૦ થી શરૂ થનાર વાર્ષિક પરીક્ષાઓનું સંબંધિત ખાતાના વડાની કચેરી દ્વારા નવેસરથી પરીક્ષાનું સમય પત્રક અલગથી બહાર પાડવાનું રહેશે.

(૪) આ સૂચના અન્વયે હાલમાં ચાલી રહેલ કોલેજો/યુનિવર્સિટીઓની પરીક્ષાઓ આગામી સપ્તાહમાં પૂર્ણ કરવાની રહેશે. પરંતુ જે કોલેજો/યુનિવર્સિટીઓની પરીક્ષાઓ ચાલુ ન થઇ હોય તેવી કોલેજો/યુનિવર્સિટીઓની પરીક્ષાઓનું તા. ૩૦-૦૩-૨૦૨૦ પછી આયોજન કરવાનું રહેશે.

(૫) શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટી સહિત તમામ સંસ્થાઓના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓએ જે તે સંસ્થા ખાતે ફરજ પર હાજર રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એચ.જી. ભાભોર)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ૪/૩, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ગ્રાઉન્ડ ફ્લોર, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નકલ સવિનય રવાના :

(૧) માન.મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, માન.મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર

(૨) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૩) અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) સચિવશ્રી, (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. ૯, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૭) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં. ૧૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૮) નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, ગાંધીનગર

(૯) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર નં.૧૭, ગાંધીનગર

(૧૦) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર નં.૧૦બી, ગાંધીનગર

(૧૧) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૧૨) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં.૧૨, ગાંધીનગર

(૧3) સેક્શન અધિકારીશ્રી (જ શાખા, અ-૧ શાખા, છ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૪) સેક્શન અધિકારીશ્રી (કોમ્પ્યુ.સેલ) ઉકત પરિપત્રને વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ

(૧૫) સીલેક્ટ ફાઇલ

નકલ સવિનય રવાના જાણ સારું :

માન.મંત્રીશ્રી,અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (સા.ન્યા) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર